➢ ૧૨/૦૭/૨૦૧૮ ના રોજ વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.જેમાં **N.S.S** ના સ્વયંસેવકોએ કૅાલેજની કેમ્પસની સફાઈ કરી વૃક્ષારોપણ કર્યું હતું.

➢ તા.૨૭–૦૭–૨૦૧૮ ના રોજ ' ઓરિએન્ટેશન ડે' ઉજવાયો હતો.જેમાં **N.S.S** ના પૂર્વ પ્રોગામ ઓફિસર શ્રી પ્રા.ડૅા.મનુભાઈ પરમારે **PPT** દ્વારા **N.S.S** ના ધ્યેયો, આચાર સંહિતા,ઉદ્દેશ્યો, બેઝ વગેરેથી સ્વયંસેવકોને માહિતગાર કર્યા હતા. વળી આજ દિવસે ગુરુપૂર્ણિમાં દિવસની પણ ઉજવણી થઈ હતી. જેમાં પ્રા.ડૅા.ટી.ડી.પટેલ તથા પ્રા.આરતીબેન રાઠોડે ગુરુનું માહાત્મય સમજાવ્યું હતું.

➢ પ્રા.ડૅા.મનુભાઈ પરમાર તેમજ પ્રો.ઓ. આરતીબેન રાઠોડના માર્ગદર્શનમાં તા.૬/૮/૨૦૧૮ ના રોજ (મિશનવિદ્યા) કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જૂના માલપુરના **C.R.C** શ્રી રમેશ સાધુએ મિશન વિદ્યા વિશે વિસ્તૃત માહિતી આપી કૅાલેજના યુવા વિદ્યાર્થીઓ શિક્ષણમાં કમજોર બાળકોને વાંચતા–લખતા કરે તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. જેમાં કૅાલેજના ૬૦ વિદ્યાર્થીઓએ નામ નોંધાવ્યા હતા.

➢ બાળસુરક્ષા અધિકારી શ્રી મુકેશ સોલંકીના મુખ્ય મહેમાન અને વકતાપદે બાળ સુરક્ષા અને બાળકોના કાનૂની અધિકારો વિષયક વ્યાખ્યાન યોજાયું હતું.જેમાં શ્રી મુકેશ સોલંકીએ બાળસુરક્ષા

વિષયક પેમ્પલેટનું વિતરણ કરી વિદ્યાર્થીઓને બાળસુરક્ષા અને બાળકોના કાનૂની અધિકારોથી વાકેફ કર્યા હતા.

- તા.૧/૮/૨૦૧૮ થી તા.૧૫/૮/૨૦૧૮ દરમ્યાન હેમ.યુનિ.પાટણ દ્વારા સ્વચ્છતા પખવાડિયા તરીકે જાહેર થયેલ.તેના સંદર્ભે કૉલેજ **N.S.S** યુનિટ દ્વારા તા.૮/૮/૨૦૧૮ ના રોજ કૉલેજ કેમ્પસની સફાઈ થઈ હતી . વળી વડાલી નગરમાં સ્વચ્છતા અભિયાનરેલીનું આયોજન થયું હતું. અને અને સ્વયંસેવકો દ્વારા આંગણવાડીના બાળકોને બિસ્કીટ વિતરણ કરાયા હતા.

- વળી તા. ૧૧–૮–૨૦૧૮ ના રોજ વડાલી ચામુંડા મંદિરમા બાગ–બગીચા સફાઈ તેમજ તા.૧૪–૮–૨૦૧૮ ના રોજ 'સ્વચ્છતા અભિયાન' અને 'સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત' વિષયક નિબંધ તથા ચિત્રસ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાંચિત્રસ્પર્ધામાં પ્રથમસ્થાને પટેલ વિરાજ એમ.,દ્વિતીય સ્થાને ડોડિયાર વિવેક .એન., તૃતીય સ્થાને વાઘડિયા સપના બી. તો નિબંધસ્પર્ધામાં પ્રથમ સ્થાને બુંબડિયા અતુલ બી.,દ્વિતીય સ્થાને તડવી મેઘા પી., તૃતીય સ્થાને ભાનુશાલી વિધી બી. આવેલ હતા.
- તા.૬/૯/૨૦૧૮ ના રોજ સ્ત્રીસશકિતકરણનો કાર્યક્રમ થયો હતો. જેમાં લૉ કૉલેજ,ડીસાના પ્રિ.શ્રીમતિ રાજુલબેન દેસાઈએ સ્ત્રીસશકિતકરણ વિશે મનનીય વ્યાખ્યાન આપીને સ્ત્રીઓના કાનૂની અધિકારોથી વાકેફ કર્યા હતા. તેમજ ક્રિષ્ના દેસાઈએ 'સ્ત્રીસશકિતકરણ' વિશે પ્રેરક વ્યાખ્યાન આપ્યું હતું. આ કાર્યક્રમમાં કૉલેજ ટ્રસ્ટી મંડળના પ્રમુખ શ્રી તખતસિંહ હડિયોલ, મંત્રી શ્રી અમૃતલાલ દેસાઈ તથા સાબરકાંઠા જિલ્લા ભા.જ.પા ના મહામંત્રી શ્રી અશોક જોશી પણ ઉપસ્થિત રહ્યા હતા.
- કૉલેજ **N.S.S** વિભાગ તથા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સંયુકત ઉપક્રમે તા.૭–૯–૨૦૧૮ ના રોજ થેલેસેમિયા ટેસ્ટનું આયોજન થયું હતું. જેમાં ડૉ.મનુભાઈ પરમારે થેલેસેમિયા વિષયક માહિતી આપી ટૂંકી ફિલ્મ પણ બતાવી હતી.

- આ વિભાગ દ્વારા તા.૨૪–૯–૨૦૧૮ ના રોજ ' **N.S.S** ડે' ની ઉજવણી થઈ હતી. જેમાં વ્યાખ્યાન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયા હતા.
- તા.૨–૧૦–૨૦૧૮ ના રોજ **N.S.S** દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતીની ઉજવણી થઈ હતી.,જેમાં પ્રા.પ્રભુદાસ પટેલ તથા પ્રા.ડૉ.મનુભાઈ પરમારે વકતવ્યો આપ્યાં હતાં.
- રાષ્ટ્રના સંવિધાનના ઘડવૈયા ડૉ.બી.આર.આંબેડકરના નિર્વાણદિન નિમિતે તા.૬/૧૨/૨૦૧૮ ના રોજ શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રા.ટી.ડી.પટેલ તથા કૉલેજ વિદ્યાર્થીનીઓ કુ. મેઘા તડવી તથા કુ. આરતીબેન પરમારે ડૉ.બી.આર.આંબેડકરના જીવનકાર્ય પર વકતવ્યો આપ્યાં હતાં. તથા પ્રા.ડૉ.મનુભાઈ પરમારે **P.P.T** દ્વારા ડૉ.આંબેડકરના જીવન કાર્યનો પરિચય આપ્યો હતો.

- તા.૨૦/૧૨/૨૦૧૮ ના રોજ **N.C.C-N.S.S** તેમજ સિવિલ હોસ્પિટલના સંયુકત ઉપક્રમે રકતદાન શિબિર યોજાયો હતો જેમાં ૨૨ જેટલા કૅાલેજના પ્રોફેસર અને વિદ્યાર્થી રકતદાતાઓએ બ્લડડોનેટ કર્યુ હતું.
- કૅાલેજના **N.S.S** દ્વારા તા.૨૬/૧૨/૨૦૧૮ થી તા.૧/૧/૨૦૧૯ દરમ્યાન વડાલી તાલુકાના નવાચામુ ગામે કૅાલેજ વાર્ષિક શિબિર યોજાયો હતો. જેમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.
- તા.૧૬/૧/૨૦૧૯ ના રોજ નેશન ટોબેકો કન્ટ્રોલ પ્રોગ્રામ, આરોગ્ય શાખા – સાબરકાંઠા જિલ્લા પંચાયત,હિંમતનગરના સંયુકત ઉપક્રમે કૅાલેજમાં 'તમાકુ મુકત ગુજરાત અભિયાન' નો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ડૅા.અરુણસિંહ ભાટી તેમજ જી.પી.એસ.સી.ના સભ્ય શ્રી ડૅા.શ્રુતિબેન કિકાણીએ વ્યસનમુકિતથી રાષ્ટ્રપ્રગતિનાં પ્રેરક વ્યાખ્યાનો આપ્યાં હતાં. તેમજ સાગર અકાદમી,હિંમતનગર દ્વારા સુંદર નાટયપ્રસ્તુતિ થઈ હતી.
- તા.૨૧–૧–૨૦૧૯ ના રોજ રકતદાન જાગૃતિનો કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં આત્મ વલ્લભ હોસ્પિટલ,ઈડરથી ઉપસ્થિત શીતાલભાઈ મોડાસીયાએ **P.P.T** દ્વારા રકતદાનનું મહત્વ સમજાવ્યું હતું.

# : SPORTS :

## -Pro.G.A.DESAI

શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા તરીકે ડૅા.ગાંડાલાલ એ.દેસાઈ કાર્યરત છે. સ્પોર્ટ્સ વિભાગનો ૨૦૧૮–૧૯ નો અહેવાલ નીચે મૂજબ છે.

- વર્ષ ૨૦૧૮–૨૦૧૯ દરમિયાન કૅાલેજના રમત–ગમત વિભાગે હેમ.ઉ.ગુ.યુનિ.પાટણ દ્વારા યોજાતી આંતર કૅાલેજ ક્રોસકન્ટ્રી, ખો–ખો (ભાઈઓ–બહેનો), કબડ્ડી,યોગાસન,એથ્લેટિકસ જેવી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ સુંદર દેખાવ કર્યો.આ સ્પર્ધાઓમાં કૅાલેજે ખો–ખો (ભાઈઓ–બહેનો) માં ત્રીજું સ્થાન પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ, યોગાસનમાં ભાઈઓ–બહેનોની બંને ટીમોએ ચોથું સ્થાન મેળવ્યું હતું. જયારે વડેરા રાહુલ .આર , ડામોર જયેશ .કે ,અસારી વિજય (ખો–ખો),નિનામા મનિષા, ભૂંગળ કુંદન, ડામોર દિપીકા આર. વગેરે રમતવીરોની યુનિવર્સિટી ટીમમાં પસંદગી થઈ ઈન્ટર યુનિ.માં રમવાની તક મળી હતી.
- ખેલ–કૂદ સ્પર્ધામાં કૅાલેજ વિદ્યાર્થીની કું.નિનામા મનિષાબેને સમગ્રયુનિ.માં ૧૦૦ મીટર અને ૨૦૦ મીટર દોડ સ્પર્ધામાં દ્વિતીય રહી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. તથા મેગ્લોર મુકામે યોજાયેલી ઈન્ટર યુનિ.સ્પર્ધામાં ભાગ લેવાની તક સાંપડી હતી.
- ૨૦૧૮–૧૯ ખેલમહાકુંભ અંતર્ગત કૅાલેજે ચેસ,ખો–ખો,યોગાસન અને ખેલ–કૂદમાં ભાગ લીધો હતો.જેમાં ખો–ખો ,યોગાસન અને ખેલ–કૂદમાં તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું.

## ❖ સપ્તધારાની પ્રવૃતિઓ

### (૧)જ્ઞાનધારા :(પ્રા.ડૉ.ટી.ડી.પટેલ)

જ્ઞાનધારા અંતર્ગત તા.૨૫–૧–૨૦૧૯ ના રોજ રાષ્ટ્રીય મતદાન દિવસ ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો.જેમાં નવીન મતદારોનું ફૂલથી સ્વાગત કરવામાં આવ્યું હતું અને વડાલીના કાર્યકારી મામલતદાર શ્રી ગિરધરભાઈ પટેલ માર્ગદર્શન આપ્યું હતું.

### (૨)રંગ–કલા–કૌશલ્યધારા :(પ્રો.ડૉ.ધર્મેશભાઈ એ.મહેતા,પ્રા.ડૉ.દિવ્યાબેન એ.પટેલ)

કલા–કૌશલ્યધારા અંતર્ગત તા.૧૮/૯/૨૦૧૮ ના રોજ રંગોળી અને ચિત્રસ્પર્ધાનું આયોજન થયું હતું.,જેમાં ૨૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાઓમાં ડૉ.પી.આર.પટેલ તથા પ્રો.ભૂપતભાઈ .ડી.પટેલ રંગોળી સ્પર્ધા તથા ડૉ.એમ.ડી પરમાર તથા પ્રા.આર.આર. જોશીએ નિર્ણાયક તરીકે ફરજ બજાવી હતી આ સ્પર્ધાઓમાં રંગોળીમાં જાનવી પટેલ(પ્રથમ),રિધ્ધિ પટેલ (દ્વિતીય),ઉષા સગર (તૃતીય) ક્રમ પ્રાપ્ત કર્યો હતો. જયારે ચિત્રસ્પર્ધામાં પ્રથમ ક્રમે સોલંકી હિનાબેન,બીજાક્રમે સગર જાગૃતિબેન તથા ત્રીજાક્રમે સગર રવિલ રહ્યા હતા.

### (૩) સર્જનાત્મક અભિવ્યકિતધારા :(પ્રો.ડૉ.પી.આર.પટેલ, પ્રો.ભૂપતભાઈ .ડી.પટેલ)

તા.૧૮–૭–૧૮ ના રોજ સર્જનાત્મક અભિવ્યકિતધારા અંતર્ગત કાવ્યપઠનનું આયોજન થયું હતું. જેમાં ૧૫ જેટલા વિદ્યાર્થીઓએ પૂર્વતાલીમ લઈ સુંદર કાવ્યપઠન કર્યું હતું.

### (૪) નાટયધારા– (પ્રો.ડૉ.જે.જી.ચૌધરી, પ્રો.ભૂપતભાઈ.ડી.પટેલ)

તા.૧૨.૧.૨૦૧૯ ના રોજ વિવેકાનંદજયંતી નિમિતે નાટયધારા અંતર્ગત નાટયપ્રસ્તુતિ થઈ હતી. જેમાં કૉલેજના વિદ્યાર્થીઓએ સુંદર દેખાવ કરી નાટક રજૂ કર્યું હતું.

### (૫) વ્યાયામ–યોગ–ખેલકૂદધારા–( ડૉ.જી.એ.દેસાઈ)

આ ધારા અંતર્ગત તા.૨૧–૬–૨૦૧૮ ના રોજ 'યોગદિવસ'ની ઉજવણી થઈ હતી. જેમાં કૉલેજ સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ મળીને ૧૭૭ જણે ભાગ લીધો હતો. યોગ ઈન્સ્ટ્રકટર તરીકે ડૉ.જી.એ.દેસાઈ તથા સહાયક તરીકે ડૉ.ટી.ડી.પટેલે ઉત્કૃષ્ટ જવાબદારી નિભાવી હતી.

તા.૩૧–૧–૨૦૧૯ ને ગુરુવારના રોજ કૉલેજ ભવનના મુખ્યદાતા શિશિરભાઈ શાહ તથા શેઠ શ્રી સમીર શાહ અને ડૉ.નિખિલભાઈ શાહની ઉપસ્થિતિમાં 'સ્પોર્ટ્સ ડૅ' ઉજવાયો હતો. જેમાં કબડ્ડી,ખો–ખો,ખેલ–કૂદ,રસ્સા ખેંચ,કોથળા દોડ,લીંબુ–ચમચી જેવી સ્પર્ધાઓમાં ૧૩૪ જેટલા વિદ્યાર્થીઓએ હરખભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## (૬) **સામૂદાયિક સેવાધારા –** (પ્રા.ભૂપતભાઈ ડી.પટેલ,પ્રા.આરતીબેન પી.રાઠોડ)

**સામૂદાયિક સેવાધારામાં એન.સી.સી. તેમજ એન.એસ.એસ ઉપક્રમે થયેલી કામગીરીનો સમાવેશ થાય છે.**

## ❖ **C.W.D.C** (ડૉ.દિવ્યાબેન પટેલ,પ્રા.આરતીબેન રાઠોડ)

**તા.૫–૨–૨૦૧૯ ના રોજ C.W.D.C અંતર્ગત વાનગી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૧૩ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ યશવી ચૌધરી પ્રથમ,કાજલ પટેલ દ્વિતીય અને વીણા ડામોર તૃતીય સ્થાન મેળવ્યું હતું. નિર્ણાયક તરીકે સરકારી કૉમર્સ કૉલેજ,વડાલીના પ્રા.ટાંક દિપીકા બહેન ફરજ બજાવી હતી. આ કાર્યક્રમમાં વડાલી કેળવણી મંડળના પ્રમુખ શ્રી તખતસિંહ હડિયોલની ઉપસ્થિતિ પ્રેરણાદાયી રહી હતી.**

## ❖ ***સાંસ્કૃતિક સમિતિ*** – ( પ્રો.ડૉ.જે.જી.ચૌધરી, ડૉ.જી.એ.દેસાઈ)

**તા.૨૭ થી ૨૯ ઓકટાબર–૨૦૧૮ દરમ્યાન પાટણ મૂકામે યોજાયેલા યુનિવર્સિટી યુવક મહોત્સવમાં આ કૉલેજે પણ સમૂહનૃત્ય,કવીઝ,શીઘ્ર ચિત્રસ્પર્ધા, વકતૃત્વ અને રંગોળી સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ટીમ મેનેજર તરીકે ડૉ.જે.જી.ચૌધરીએ તથા સહાયક તરીકે ડૉ.ડી.એ.મહેતા અને પ્રો.ભૂપતભાઈ પટેલે ફરજ બજાવી હતી.**

**સાંસ્કૃતિક સમિતિ તથા યુવાસેવા તથા સાંસ્કૃતિક વિભાગ,ગાંધીનગરના સંયુકત ઉપક્રમે તા.૨–૨–૨૦૧૯ ના રોજ 'બેટી બચાવો' અભિયાન સંદર્ભે સાગર અકાદમી,હિંમતનગર દ્વારા સુંદર ભવાઈનાટકની ભજવણી થઈ હતી. આ ઉપક્રમમાં વડાલી નગરપાલિકાના પ્રમુખ શ્રી ઈશ્વરભાઈ સગર, ઉપપ્રમુખ શ્રી તથા કારોબારી સભ્યોની ઉપસ્થિતિ પણ પ્રેરક રહી હતી.**

## ❖ ***લાયબ્રેરી*** **:** **(શ્રી મગનભાઈ દેસાઈ)**

**તા.૨–૧૦–૨૦૧૮ ના રોજ 'મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતી' ઉજવણી અંતર્ગત કૉલેજ લાયબ્રેરી દ્વારા પુસ્તક પ્રદર્શનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગાંધીજીના જીવનને લગતા તેમજ ગાંધીયુગના લેખકોનાં કવિતા,નવલકથા અને ટૂંકીવાર્તા વિષયક પુસ્તકોને કૉલેજના પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થીઓએ નિહાળ્યા હતા.**

## ❖ *ઉદીશા કલબ* **[Udisha Club]**:(પ્રો.ડૉ.એમ.ડી.પરમાર, પ્રા.ઋષિકેશ જોષી)

➢ **તા.૧૭–૭–૨૦૧૮ ના રોજ સાબરકાંઠા જિલ્લા રોજગાર કચેરી ,હિંમતનગર અને ઉદીશાકલબના સંયુકત ઉપક્રમે વિદેશ રોજગાર સેમિનારનું આયોજન થયું હતું.**

➢ **કૉલેજ અને વડાલી વિસ્તારના યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયાર થાય તે હેતુથી ૧૯–૭–૨૦૧૮ થી ૧ માસ સુધી આયોજન મૂજબ સ્પર્ધાત્મક પરીક્ષાઓનું નિઃશુલ્ક કોચીંગ અપાયું હતું.**

➢ **જિલ્લા રોજગારકચેરી,હિંમતનગર તથા ઉદીશાકલબના સંયુકત ઉપક્રમે તા.૨૦–૧૧–૨૦૧૮ ના રોજ એપ્રેન્ટિસ ભરતીમેળાનું આયોજન થયું, જેમાં ૧૫૩ રોજગાર વાંચ્છુઓએ ભાગ લીધો હતો.**

➢ **તા.૨૬–૧૧–૨૦૧૮ ના રોજ બંધારણ દિવસની ઉજવણી થઈ હતી.તે અંતર્ગત વ્યાખ્યાન અને નિબંધ સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં ૨૨ વિદ્યાર્થી અને ૨૩ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.**

➢ **તા.૪–૨–૨૦૧૯ ના રોજ પોલિટકનિક, હિંમતનગર મુકામે યોજાયેલ પ્લેસમેન્ટમાં ૧૦ વિદ્યાર્થીઓ સહીત ભાગ લીધો.**

➢ **નહેરુ યુવાકેન્દ્ર ,હિંમતનગરના ઉપક્રમે 'પડોશ યુવાસાંસદ' કાર્યક્રમ યોજાયો હતો,જેમાં શ્રી રાજેશકુમાર સોલંકી તથા શ્રી વિપુલભાઈ પરમાર દ્વારા સરકારની યોજનાઓ દ્વારા ગ્રામ્યવિકાસ કેવી રીતે થઈ શકે ? તે અંતર્ગત સરસ વ્યાખ્યાનો અપાયા હતા.**

## ❖*કોલેજમાં વિષય મુજબ શૈક્ષણિક કર્મચારીઓની જ્ઞાન–તેજવર્ધક પ્રવૃતિઓ*
## *: ગુજરાતી વિભાગ :*

**કૉલેજમાં મુખ્ય અને પ્રથમગૌણ તરીકે ચાલતા ગુજરાતી વિષયમાં પ્રિ.ડૉ.એન.આર.પટેલ, ડૉ.પ્રભુદાસ પટેલ, પ્રા. આરતી પરાગ રાઠોડ તથા પ્રા. ભૂપતભાઈ પટેલ કાર્યરત છે. તેમની જ્ઞાન–તેજવર્ધક પ્રવૃતિઓ આ મુજબ છે.**

## (૧) પ્રિ.ડૉ.એન.આર.પટેલ

### સેમિનાર

- શ્રીમતિ આર. એમ.પ્રજાપતિ આર્ટ્સ કૉલેજ–સતલાસણા આયોજિત તા.૮–૧૦–૨૦૧૮ ના રોજ 'ભારતીય નાટય સાહિત્ય' પર યોજાયેલા રાષ્ટ્રીય સેમિનારમાં ભાગ લઈ 'રાઈનો પર્વતમાં જીવન પ્રશ્નોનું નિરૂપણ ' વિષય પર શોધપત્ર રજૂ કર્યુ.
- ગુજરાત સાહિત્ય અકાદમી,ગાંધીનગર તથા મહિલા આર્ટ્સ કૉલેજ,હિંમતનગર દ્વારા આયોજિત ૧૮–૧–૨૦૧૯ ના સેમિનારમાં શોધપત્ર બેઠકના અધ્યક્ષ તરીકે ફરજ બજાવી.

### યુનિવર્સિટી કામગીરી

- ગુજરાતી વિષયની અભ્યાસ સમિતિના સભ્ય તરીકે ૨૦૧૯ માં અમલમાં આવનાર અનુસ્નાતક અભ્યાસક્રમની રચનામાં સક્રિય કામગીરી.
- બી.એ.સેમ.૬ યુનિવર્સિટી પરીક્ષાના ચેરમેન તરીકે કામગીરી.

## ૨૦૧૮–૧૯ માં નોંધાયેલ પી એચ.ડી – વિદ્યાર્થીઓ

(૧)ચૌધરી પરેશભાઈ કચરાભાઈ–'કલ્પેશ પટેલ વ્યકિતત્વ અને વાડમય '
(૨)ગામીત રંજીતા રમેશભાઈ–'બકુલ ત્રિપાઠી અને મધુસુદન પારેખના હાસ્ય નિબંધોમાં માનવ સ્વભાવનું નિરૂપણ'
(૩)ગામીત નિરંજનાબેન ચેતનભાઈ–'પન્નાલાલ પટેલ અને રઘુવીર ચૌધરીની ટૂંકીવાર્તાઓમાં ગ્રામજીવન : એક અભ્યાસ'
(૪)કોંકણી અંકિતાબેન વિશ્વાસભાઈ– 'વિનોદભટ્ટ અને રતિલાલ બોરીસાગરના હાસ્ય નિબંધોનો તુલનાત્મક અભ્યાસ'

## (૨)ડૉ.પ્રભુદાસ આર. પટેલ–

### સેમિનાર

- તા.૩–૨–૨૦૧૮ ના રોજ વડનગર કૉલેજમાં યોજાયેલા 'ભારતીય નાટય સાહિત્ય' વિષયક સેમિનારમાં શોધપત્ર બેઠકના અધ્યક્ષ તરીકેની કામગીરી.
- તા. ૮–૧૦–૨૦૧૮ ના રોજ સતલાસણા કૉલેજમાં યોજાયેલ 'ભારતીય નાટય સાહિત્ય' વિષયક રાષ્ટ્રીય સેમિનારમાં ભાગ લઈ 'અનુઆધુનિક નાટકો : કળાદષ્ટિ એ'– વિષય પર શોધપત્ર રજૂ કર્યુ.

- તા. ૧૧–૧૨–૧૩ સુરત મૂકામે યોજાયેલા ગુજરાતી સાહિત્યપરીષદના જ્ઞાનસત્રમાં હાજરી આપી.
- ગુજરાતી સાહિત્ય અકાદમી,ગાંધીનગર તથા કૉલેજના સંયુકત ઉપક્રમે યોજાયેલા ‘૨૧મી સદીની ગુજરાતી ટૂંકીવાર્તા’–સેમિનારના સંયોજક તરીકેની કામગીરી.

## વકતવ્યો

- તા.૨૬–૧૨–૨૦૧૮ ના રોજ  મ.ક.યુનિ.ભાવનગરમાં ગુજરાતી અનુસ્નાતક વિભાગમાં ‘વાર્તાકળા’ સંદર્ભે વ્યાખ્યાન.
- ગુજરાતી સાહિત્યપરિષદ,અમદાવાદ દ્વારા શિશુ–વિહાર ભાગનગર મુકામે યોજાયેલ યશવંત પંડયા વ્યાખ્યાનમાળા અંતર્ગત ‘આધુનિક નાટક’ પર વ્યાખ્યાન આપ્યું.
- તા.૪–૧–૨૦૧૯ ના રોજ સી.સી. મહીલા કૉલેજ,વિસનગરમાં સપ્તધારા – સર્જનાત્મક અભિવ્યકિત ધારા અંતર્ગત ‘વાર્તાસર્જન’ પર વ્યાખ્યાન આપ્યું.

## યુનિવર્સિટી લેવલે કામગીરી

- ૨૦૧૮ માં યુનિ.ના ૨૦૧૯ માં  અમલમાં આવનાર અનુસ્નાતક અભ્યાસક્રમની કામગીરી.
- એમ.એ.સેમ–૨ અને ૪ માં યુનિ.પરીક્ષાના ચેરમેન તરીકેની કામગીરી.

## પુસ્તક પ્રકાશન

- ‘નાટયનિકષ’–(પ્રકાશક–પ્રણવપ્રકાશન,અમદાવાદ)ISBN-978-93-83174-68- 3 પ્ર.આ.૨૦૧૮

## સામાયિકોમાં પ્રગટ થયેલ અભ્યાસલેખો/વાર્તાઓ

- ‘છેલ્લો પારસી’–અભ્યાસલેખ–પરબ જૂન–૨૦૧૮
- ‘ચીહ’–ટૂંકીવાર્તા–શબ્દસૃષ્ટિ–જુલાઈ–૨૦૧૮
- ‘દેવચકલી’–ટૂંકીવાર્તા– શબ્દસૃષ્ટિ–જુલાઈ–૨૦૧૮
- ‘અવસ્થા’–ટૂંકીવાર્તા–શબ્દસર–જુલાઈ–૨૦૧૮
- ‘ફોરીફૂલ’–ટૂકીવાર્તા–જલારામદીપ–નવેમ્બર,૨૦૧૮

## ૨૦૧૮–૧૯ માં નોંધાયેલ પી એચ.ડી – વિદ્યાર્થીઓ

(૧)શ્રી ભરતસિંહ બારડ : વિષય : ‘અનુ આધુનિક ટૂંકીવાર્તામાં કથાવસ્તુ અને ભાષાકર્મનો અભ્યાસ’

(૨)જમનાબેન ગામેતી : ‘સર્જક દિલીપ રાણપુરા : એક અભ્યાસ’

(૩)શ્રી સંજય પટેલ : '૨૧ મી સદીની ટૂંકીવાર્તામાં–નારી સંવેદનોનો અભ્યાસ'

## (૩)પ્રા.આરતીબેન પી. રાઠોડ

### સેમિનાર

- તા. ૮/૧૦/૨૦૧૮ ના રોજ સતલાસણ કૉલેજ દ્વારા આયોજિત 'ભારતીય નાટયશાસ્ત્ર ' વિષયક રાષ્ટ્રીય સેમિનારમાં ભાગ લઈ 'સુધારક યુગનું નાટક' વિષય પર શોધપત્ર રજૂ કર્યુ.
- તા. ૨૮–૧–૨૦૧૯ ના રોજ ગુજરાત સાહિત્ય અકાદમી ,ગાંધીનગર અને વડાલી કોલેજના સંયુકત ઉપક્રમે યોજાયેલ સેમિનારમાં 'દલપત ચૌહાણની વાર્તાકલા' વિષય પર શોધપત્ર રજૂ કર્યુ.

## (૪)પ્રા.ભૂપતભાઈ ડી.પટેલ :

### સેમિનાર

- તા. ૮/૧૦/૨૦૧૮ ના રોજ સતલાસણ કૉલેજ દ્વારા આયોજિત 'ભારતીય નાટયશાસ્ત્ર ' વિષયક રાષ્ટ્રીય સેમિનારમાં ભાગ લઈ 'મિથ્યાભિમાનમાં સમાજ નિરૂપણ' વિષય પર શોધપત્ર રજૂ કર્યુ.
- ગુજરાત સાહિત્ય અકાદમી ,ગાંધીનગર તથા વિદ્યાનગરી મહીલા આર્ટ્સ કૉલેજ,હિંમતનગરના સંયુકત ઉપક્રમે યોજાયેલા સેમિનારમાં ભાગ લઈ 'ધ ચેસ' નાટકમાં આધુનિક માનવની એકલતા' વિષય પર શોધપત્ર રજૂ કર્યું.
- તા.૨૮–૧–૨૦૧૯ ના રોજ ગુજરાત સાહિત્ય અકાદમી તથા શેઠ શ્રી બી.સી.શાહ આર્ટ્સ કૉલેજ,વડાલીના સંયુકત ઉપક્રમે યોજાયેલા સેમિનારમાં '૨૧ મી સદીની ગુજરાતી વાર્તામાં સ્ત્રી સંવેદના' વિષય પર શોધપત્ર રજૂ કર્યું હતું.
- તા. ૧૨–૨–૨૦૧૯ ના રોજ હેમ.ઉ.ગુ.યુનિ.પાટણ આયોજિત યુ.જી.સી.નેક સંદર્ભે વર્કશોપમાં ઉપસ્થિત રહ્યા હતા.

# : સંસ્કૃત વિભાગ :

કૉલેજમાં મુખ્ય–પ્રથમ–ગૌણ ,ફરજિયાતવિષય તરીકે ભણાવાતા સંસ્કૃત વિષયમાં ડૉ.તુલસીદાસ પટેલ,ડૉ.તુલસીદાસ પટેલ,ડૉ.મનુભાઈ પરમાર અને પ્રા.મહેન્દ્રસિંહ રહેવર કાર્યરત છે. તેમની ૨૦૧૮–૧૯ ની જ્ઞાન–તેજવર્ધક પ્રવૃતિઓ નીચે મૂજબ છે.

## (૧) પ્રા.ડૉ.ટી.ડી.પટેલ :

### સેમિનાર

- ૨૮–૨૯ માર્ચ–૨૦૧૮ હિન્દુ રીસર્ચ ફાઉન્ડેશન,હિંમતનગર તથા સંસ્કૃત સાહિત્ય અકાદમી,ગાંધીનગરના સંયુકત ઉપક્રમે વિદ્યાનગરી મહીલા કૉલેજ, હિંમતનગર મુકામે યોજાયેલા રાષ્ટ્રીય સેમિનારમાં ભાગ લઈ 'આદિ કવિ વાલ્મિકી રામાયણ મે રાજનીતિ કે સંકેત' વિષય પર શોધપત્ર રજૂ કર્યું.
- ગુ.સા.અકાદમી,ગાંધીનગર તથા વડાલી આર્ટ્સ કૉલેજના સંયુકત ઉપક્રમે યોજાયેલ રાજય લેવલના સેમિનારમાં ભાગ લઈ 'ટૂંકીવાર્તાનું સ્વરૂપ' વિષય પર શોધપત્ર રજૂ કર્યુ.

## : ઈતિહાસ વિભાગ :

મુખ્ય– ગૌણ વિષય તરીકે ભણાવાતા આ વિષયમાં ડૉ.જસરાજ જી.ચૌધરી અને પ્રા.ઋષિકેશ આર.જોશી કાર્યરત છે.

### (૧)પ્રો.ડૉ.જસરાજ ચૌધરી :

### સેમિનાર

- તા.૨૮–૧–૨૦૧૯ ગુ.સા.અકાદમી ,ગાંધીનગર તથા વડાલી આર્ટ્સ કૉલેજના સંયુકત ઉપક્રમે યોજાયેલા સેમિનારમાં 'ગુજરાતીમાં ઈતિહાસ આધારીત વાર્તાઓ' પર શોધપત્ર રજૂ કર્યુ.
- તા.૩૦–૧–૨૦૧૯ આર્ટ્સ કૉલેજ,સતલાસણા મૂકામે યોજાયેલ રાષ્ટ્રીય સેમિનારમાં ભાગ લઈ 'ગાંધીયન ફિલોસોફી એન્ડ યુથ ઓફ મોર્ડન ઈન્ડિયા' વિષય પર શોધપત્ર રજૂ કર્યુ.
- ગુ.સા.અકાદમી અને વિદ્યાનગરી મહીલા આર્ટ્સ કૉલેજ,હિંમતનગરના સંયુકત ઉપક્રમે યોજાયેલ રાષ્ટ્રીય સેમિનારમાં ભાગ લઈ 'રામાયણના સ્ત્રીપાત્રોમાં જોવા મળતી ઉદારભાવના' પર શોધપત્ર રજૂ કર્યુ.
- ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ.ના અભ્યાસ ઘડતરમાં બે પ્રકરણનું ઘડતર કર્યુ.

(૧) કુમારપાળની કારર્કિદી (૨)કર્ણદેવની કારર્કિદી

### (૨)પ્રા.ઋષિકેશ જોષી :

### સેમિનાર

- ગુ.સા.અકાદમી,ગાંધીનગર તથા વડાલી કૉલેજના સંયુકત ઉપક્રમે ૨૮ જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ યોજાયેલ સેમિનારમાં ભાગ લીધો હતો. તેમજ શોધપત્ર રજૂ કર્યું હતું.

## : ડિફેન્સ સ્ટડીઝ :

### (૧)ડૉ.દિવ્યા એ.પટેલ : (શોર્ટ ટર્મ કોર્ષ )

- યુ.જી.સી. હયુમન રીસર્ચ ડવલપમેન્ટ સેન્ટર તથા સરદાર પટેલ યુનિ. વલ્લભ વિદ્યાનગરીના ઉપક્રમે તા.૭–૧–૨૦૧૯ થી ૩૧–૧–૨૦૧૯ દરમ્યાન **'HISTORY AND CULTURE '** – વિષય પર શોર્ટટર્મ કોર્ષમાં હાજરી આપી.

### સેમિનાર

- એસ.પી.યુનિ.વલ્લભ વિદ્યાનગર તથા ભારતીય વિચારમંચ, ગુજરાતના સંયુકત ઉપક્રમે યોજાયેલા તા.૮–૯–સપ્ટે.૨૦૧૮ ના સેમિનારમાં ઉપસ્થિત રહ્યા.

### પ્રકાશિત અભ્યાસ લેખ

- **Reasearch guru (u.g.c.online journal) volume-12,issue-1 june-2018 –ISSN-2349266** 'પ્રાચીન ગ્રંથો આધારે શ્રી કૃષ્ણના રાજકીય વિચારો'

## : અંગ્રેજી :

### (૧)પ્રા.ડો.ધર્મેશ એ.મહેતા

ફરજિયાત વિષય તરીકે ભણાવાતા આ વિષયમાં પ્રા.ડો.ધર્મેશ એ.મહેતા કાર્યરત છે. તેમના સેમિનાર અને પ્રકાશનની વિગત નીચે મૂજબ છે.

### Ph.D થયા

- ૨૦૧૮ માં ધર્મેશ એ.મહેતાએ મહારાજા યુનિવર્સિટી,બીકાનેરમાં ડૉ.સુરેશકુમાર અગ્રવાલના માર્ગદર્શન હેઠળ **—An Exposition of the Influence of Vbedic Philosophy on Wait Whitman's Poetry'** વિષય પર મહાશોધ નિબંધ રજૂ કરી **Ph.D** ની ઉપાધિ પ્રાપ્ત કરી .

### ISBN પુસ્તકમાં પ્રગટ થયેલ અભ્યાસલેખ

વિષય : **'Sin and right teousness in the gita'**પુસ્તકનું નામ –**Cultural and Intellectual Traditions in india.-ISBN-9788-935167-2-0–YEAR-2018**

## સેમિનાર

- ગુ.સા.અકાદમી ,ગાંધીનગર તથા વડાલી આટ્ર્સ કોલેજના સંયુકત ઉપક્રમે યોજાયેલા તા.ર૮–૧–ર૦૧૯ ના રાજયકક્ષાના સેમિનારમાં 'હરીશ નાગ્રેચાની વાર્તાઓ' પર શોધપત્ર રજૂ કર્યુ હતું.
- તા.ર૯–૩૦ માર્ચ ર૦૧૮ ના રોજ વિદ્યાનગરી મહીલા કૉલેજ,હિંમતનગર મૂકામે યોજાયેલ 'લેંગ્વેજ,લીટરેચર એન્ડ રામકથા' વિષયક ઈન્ટર નેશનલ સેમિનારમાં ભાગ લઈ 'રામના પાત્ર દ્વારા કુટુંબભાવના વિષય પર શોધપત્ર રજૂ કર્યુ.
- આટ્ર્સ કોલેજ, સતલાસણા મૂકામે તા.૩૦–૧–ર૦૧૯ ના રોજ યોજાયેલા રાષ્ટ્રીય સેમિનારમાં ભાગ લઈ **'Gandhian thought and Nationalism in waiting for mahatma'** વિષય પર શોધપત્ર રજૂ કર્યુ.
- હેમ.ઉ.ગુ.યુનિ.પાટક મુકામે **NACC** અવેરનેશ વર્કશોપમાં તા.૧ર–ર–ર૦૧૯ ના રોજ ભાગ લીધો.

## 'NACC'ના કો–ઓર્ડિનેટર

- ડૉ. ધર્મેશ મહેતા 'નેક' કમિટીના કો.ઓર્ડિનેટર છે. ચાલું વર્ષ 'નેક' સંદર્ભે કૅાલેજના મૂલ્યાંકન માટે નવી પદ્ધતિના ફોર્મેટ મૂજબ અધ્યાપકો સાથે સાત ક્રાયટેરિયાની વહેંચણી કરી એસ.એસ.આર બનાવવાની કામગીરી કાર્યરત કરી.

## વ્યાખ્યાન

- મહિલા આટ્ર્સ કૅાલેજ,હિંમતનગર કૅાલેજમાં તા.૧ર–૧–ર૦૧૯ ના રોજ અધ્યાપકો સમક્ષ 'નેક' સંદર્ભે વ્યાખ્યાન આપી નવા ફાર્મેટથી માહિતગાર કર્યા.

- વર્ષ ર૦૧૭–૧૮ નો **AQAR** વાર્ષિક અહેવાલ નેકમાં મોકલેલ છે.

## કોમ્પ્યૂટર એપ્લીકેશન કોર્ષ

- તા.ર૬–૭–ર૦૧૮ થી ચાર મહિનાના કોમ્પ્યૂટર કોર્ષનું આયોજન અંગ્રેજી વિભાગના ઉપક્રમે થયું હતું.

## લાયબ્રેરી વિભાગ– ( શ્રી મગનભાઈ એચ.દેસાઈ)

- ગુ.સા.અકાદમી, ગાંધીનગર તથા વડાલી કૉલેજના સંયુકત ઉપક્રમે યોજાયેલા તા.૨૮–૧–૨૦૧૯ ના રાજયકક્ષાના સેમિનારમાં ભાગ લઈ 'ગુજરાતી ટૂંકીવાર્તા હૈયું' – વિષય પર શોધપત્ર રજૂ કર્યુ.

## વ્યાખ્યાન

- સત્રારંભે પ્રવેશોત્સવના કાર્યક્રમમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને ગ્રંથાલયભિમુખ કરવા માટે વ્યાખ્યાન આપ્યું તથા ૨–૧૦–૨૦૧૮ ન રોજ ગાંધીજયંતી નિમિતે પુસ્તક પ્રદર્શન યોજાયું હતું.
- એન.એસ.એસ. કેમ્પમાં ૩૧–૧૨–૨૦૧૮ ના રોજ 'કારકિર્દી માર્ગદર્શન અંગે વ્યાખ્યાન આપ્યું છે.

આમ, કૉલેજ ૨૦૧૮–૧૯ ના વર્ષમાં શૈક્ષણિક–સહ શૈક્ષણિક તમામ પ્રવૃતિઓમાં સંતોષકારક દેખાવ કરેલ છે.

શ્રી વડાલી કેળવણી મંડળ સંચાલિત

શેઠ શ્રી બી.સી.શાહ આર્ટ્સ કોલેજ,વડાલી

# વાર્ષિક અહેવાલ

# 2019-20

પ્રિ.ડો.એન.આર.પટેલ

<u>સંકલન–કર્તા</u>

પ્રા.ડો.પ્રભુદાસ.આર.પટેલ

પ્રા.ભૂપતભાઈ.ડી.પટેલ

# શ્રી વડાલી કેળવણી મંડળના સભ્યો

| ક્રમ | નામ | સ્થાન |
|---|---|---|
| 1 | શેઠ શ્રી સમીર પ્રફુલ્લચંદ્ર શાહ | (કાયમી સભ્ય શ્રી) |
| 2 | શેઠ શ્રી વિજયભાઈ પોપટલાલ શાહ | (કાયમી સભ્ય શ્રી) |
| 3 | શેઠ શ્રી સુધીરકુમાર ભુરાલાલ શાહ | (કાયમી સભ્ય શ્રી) |
| 4 | શેઠ શ્રી શિશિરભાઈ ભુરાલાલ શાહ | (કાયમી સભ્ય શ્રી) |
| 5 | શ્રી તખતસિંહ ડી. હડિયોલ | (પ્રમુખ શ્રી) |
| 6 | શ્રી કરશનભાઈ એચ. પટેલ | (ઉપપ્રમુખ શ્રી) |
| 7 | શ્રી અમૃતભાઈ જી. દેસાઈ | (મંત્રી શ્રી) |
| 8 | શ્રી રાજેશકુમાર સી. મહેતા | (સહ્મંત્રી શ્રી ) |
| 9 | શ્રી રણછોડભાઈ એચ. પટેલ | (ખજાનચી) |
| 10 | શ્રી વસન્તભાઈ એન. સુથાર | (સભ્ય ) |
| 11 | શ્રી મોતીસિંહ આઈ. રાઠોડ | (સભ્ય ) |
| 12 | શ્રી ગિરીશભાઈ એ. બ્રહ્મભટ્ટ | (સભ્ય ) |
| 13 | શ્રી રમેશભાઈ વી. પટેલ | (સભ્ય ) |
| 14 | શ્રી હરિસિંહ બી. ભાટી | (સભ્ય ) |
| 15 | શ્રી કોદરભાઈ આર. પટેલ | (સભ્ય ) |
| 16 | શ્રી રવીન્દ્રભાઈ એસ. બારોટ | (સભ્ય ) |
| 17 | શ્રી જયેશકુમાર જે. દોશી | (સભ્ય ) |
| 18 | શ્રી બહેચરભાઈ એ. સગર(કસન) | (સભ્ય ) |
| 19 | શ્રી રવીન્દ્રભાઈ એન. સુથાર | (સભ્ય ) |
| 20 | શ્રી શંકરભાઈ એમ. સગર(કડીયા) | (સભ્ય ) |
| 21 | શ્રી વાલજીભાઈ કે. પ્રજાપતિ | (સભ્ય ) |
| 22 | શ્રી નટવરભાઈ સી. પટેલ | (સભ્ય ) |
| 23 | શ્રી ગિરીશકુમાર કે. ભાવસાર | (સભ્ય ) |
| 24 | શ્રી અરવિન્દકુમાર એસ. સોની | (સભ્ય ) |
| 25 | શ્રી હર્ષદભાઈ જી. પંડ્યા | (સભ્ય ) |
| 26 | શ્રી ભરતકુમાર એમ. નાયી | (સભ્ય ) |
| 27 | શ્રી શાહરભાઈ એમ. દેસાઈ | (સભ્ય ) |
| 28 | શ્રી વીરેન્દ્રસિંહ એમ. રહેવર | (સભ્ય ) |

# શૈક્ષણિક સ્ટાફ

| | | |
|---|---|---|
| **ગુજરાતી વિભાગ** | | |
| 1 | પ્રિ.ડૉ.નરેશભાઈ આર.પટેલ | **M.A.,SLET,Ph.D** |
| 2 | પ્રા.ડૉ.પ્રભુદાસ આર.પટેલ | **M.A, Ph.D** |
| 3 | પ્રા.આરતીબેન પી.રાઠોડ | **M.A, NET** |
| 4 | પ્રા.ભૂપતભાઈ ડી.પટેલ | **M.A,NET,SLET,M.Phil** |
| **ઇતિહાસ વિભાગ** | | |
| 5 | પ્રા.ડૉ.જશરાજભાઈ જી.ચૌધરી | **M.A, Ph.D** |
| 6 | પ્રા.ઋષિકેશભાઈ આર.જોશી | **M.A** |
| **સંસ્કૃત વિભાગ** | | |
| 7 | પ્રા.ડૉ.તુલસીદાસ ડી.પટેલ | **M.A, Ph.D** |
| 8 | પ્રા.ડૉ.મનુભાઈ ડી.પરમાર | **M.A,M.PhiL,NET,Ph.D** |
| 9 | પ્રા.મહેન્દ્રસિંહ સી.રહેવર | **M.A,MhiL,SLET** |
| **અંગ્રેજી વિભાગ** | | |
| 10 | પ્રા.ડૉ.ધર્મેશભાઈ એ.મહેતા | **M.A, Ph.D** |
| **ડિફેન્સ સ્ટડીઝ** | | |
| 11 | પ્રા.ડૉ.દિવ્યાબેન એ.પટેલ | **M.A, Ph.D** |
| **રમતગમત વિભાગ** | | |
| 12 | પ્રા.ડૉ.ગાંડાભાઈ એ.દેસાઈ | **M.P.E, Ph.D** |
| **ગ્રંથાલય** | | |
| 13 | શ્રી મગનભાઈ એચ.દેસાઈ | **M.Lib** |

# બિન શૈક્ષણિક સ્ટાફ

| | | |
|---|---|---|
| 1 | શ્રી વિક્રમસિંહ સી. સિસોદિયા | સિનિયર એકાઉન્ટન્ટ |
| 2 | શ્રી બચુભાઈ વી. ડામોર | સિનિયર કલાર્ક |
| 3 | શ્રી ધર્મેન્દ્રભાઈ એચ. દેસાઈ | જુનિયર કલાર્ક |
| 4 | શ્રી ધુળાભાઈ સી. પટેલ | જુનીયર કલાર્ક |
| 5 | શ્રી કલ્પેશકુમાર જે. પટેલ | સેવક |
| 6 | શ્રીમતી રમીલાબેન બી. સથવારા | સ્વીપર |
| 7 | શ્રી શંકરભાઈ એમ. ડોડિયાર | વોચમેન |

# વર્ષઃ 2019-20 ના વિદ્યાર્થીની કુલ સંખ્યા

FIRST TERM : 2019/20

| SEMESTER | GEWNERAL | | BAXI | | S.T. | | S.C. | | N.T. | | TOTAL | | GRAND TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | **MALE** | **FEMALE** | **MALE** | **FEMALE** | **MALE** | **FEMALE** | **MALE** | **FEMALE** | **MALE** | **FEMALE** | **MALE** | **FEMALE** | |
| B.A.SEM-1 | 35 | 37 | 141 | 89 | 24 | 26 | 55 | 63 | 0 | 0 | 255 | 215 | 470 |
| B.A.SEM-3 | 35 | 16 | 64 | 49 | 15 | 18 | 49 | 39 | 0 | 0 | 163 | 122 | 285 |
| B.A.SEM-5 | 12 | 35 | 47 | 45 | 16 | 21 | 28 | 42 | 0 | 0 | 103 | 143 | 246 |
| | **82** | **88** | **252** | **183** | **55** | **65** | **132** | **144** | **0** | **0** | **521** | **480** | **1001** |
| M.A.SEM1 | 6 | 13 | 11 | 10 | 7 | 7 | 6 | 17 | 0 | 0 | 30 | 47 | 77 |
| M.A.SEM3 | 4 | 14 | 3 | 9 | 4 | 5 | 6 | 16 | 0 | 0 | 17 | 44 | 61 |
| | **10** | **27** | **14** | **19** | **11** | **12** | **12** | **33** | **0** | **0** | **47** | **91** | **138** |
| **TOTAL** | **92** | **115** | **266** | **202** | **66** | **77** | **144** | **177** | **0** | **0** | **568** | **571** | **1139** |

# બી.એ. સેમ–૬ માર્ચ – જૂન ૨૦૧૬ ના તેજસ્વી તારલા

## ગુજરાતી –બી.એ–સેમ–૬

| ક્રમ | નામ | પરીક્ષા નં. | SGPA | CGPA | CLASS | TATAL |
|---|---|---|---|---|---|---|
| 1 | પ્રજાપતિ બ્રિજેશ રમેશભાઈ | 11436 | 7.17 | 6.96 | FIRST | 1002 |
| 2 | ચૌહાણ ચેતનસિંહ જગતસિંહ | 11438 | 7.00 | 6.94 | FIRST | 1000 |
| 3 | ડાયાણી તુલસીબેન જયંતિભાઈ | 11458 | 7.00 | 6.57 | FIRST | 946 |

## ઇતિહાસ–બી.એ–સેમ–૬

| ક્રમ | નામ | પરીક્ષા નં. | SGPA | CGPA | CLASS | TATAL |
|---|---|---|---|---|---|---|
| 1 | પટેલ વિરાજકુમાર મુકેશભાઈ | 11580 | 8.00 | 7.74 | FIRST | 1114 |
| 2 | સગર વિણાબેન અમૃતભાઈ | 11579 | 7.92 | 7.58 | FIRST | 1092 |
| 3 | ડોડિયાર વિવેકકુમાર નાનજીભાઈ | 11583 | 7.92 | 7.43 | FIRST | 1070 |

## સંસ્કૃત–બી.એ–સેમ–૬

| ક્રમ | નામ | પરીક્ષા નં. | SGPA | CGPA | CLASS | TATAL |
|---|---|---|---|---|---|---|
| 1 | પટેલ ભાવિની બહેન કીર્તિભાઈ | 11415 | 7.92 | 7.39 | FIRST | 1064 |
| 2 | પટેલ અપેક્ષાબેન જયંતિભાઈ | 11413 | 7.08 | 7.11 | FIRST | 1024 |
| 3 | પટેલ જૈમિની કમલેશકુમાર | 11418 | 7.00 | 6.86 | FIRST | 988 |

# એમ.એ–સેમ–૪ માર્ચ–જૂન ૨૦૧૯ ના તેજસ્વી તારલા

## ગુજરાતી–એમ.એ–સેમ–૪

| ક્રમ | નામ | પરીક્ષા નં. | SGPA | CGPA | CLASS | TATAL |
|---|---|---|---|---|---|---|
| 1 | સુથાર પલકબેન નગીનદાસ | 2828 | 6.60 | 7.30 | FIRST | 1316 |
| 2 | પરમાર રમાબેન દલાભાઈ | 2830 | 6.60 | 6.95 | FIRST | 1248 |
| 3 | પટેલ જાગૃતિબેન વસંતભાઈ | 2824 | 6.60 | 6.90 | FIRST | 1285 |

## ઇતિહાસ–એમ.એ–સેમ–૪

| ક્રમ | નામ | પરીક્ષા નં. | SGPA | CGPA | CLASS | TATAL |
|---|---|---|---|---|---|---|
| 1 | સુતરીયા જીતેન્દ્ર વીરાભાઈ | 2853 | 8.40 | 8.50 | FIRST | 1585 |
| 2 | ચૌધરી હિનાબેન રમેશભાઈ | 2846 | 8.20 | 8.40 | FIRST | 1554 |
| 3 | પરમાર કનકકુમારી | 2856 | 7.30 | 8.35 | FIRST | 1543 |

# શૈક્ષણિક તથા સહશૈક્ષણિક પ્રવૃતિઓ

આ કોલેજમાં પ્રારંભથી ગુજરાતી સંસ્કૃત અને ઈતિહાસ જેવા વિષયો કોર કમ્પલસરી(સી.સી.) તરીકે તો ગુજરાતી,સંસ્કૃત ,ઈતિહાસ અને ડિફેન્સ સ્ટડીઝ જેવા વિષયો કોર ઈલેકટીવ(સી.ઈ) તરીકે ભણાવાય છે. તો અંગ્રેજી વિષય ફાઉન્ડેશન કમ્પલસરી(એફ.સી) તરીકે ,ભણાવાય છે.૨૦૧૯–૨૦ ની વિષયગત પ્રવૃતિઓનો સંક્ષેપમાં અહેવાલ નીચે મૂજબ છે.

## વિષયગત પ્રવૃતિઓ

### (ગુજરાતી વિભાગ)

કોલેજમાં કોરકમ્પલસરી (સી.સી.),કોર ઈલેકટીવ(સી.ઈ) અને ઈલેકટિવ ઓપન(ઈ.ઓ) તરીકે ભણાવાતા ગુજરાતી વિષયમાં ડૉ.પ્રભુદાસ પટેલ,પ્રા.આરતી પરાગ રાઠોડ અને પ્રા.ભૂપતભાઈ પટેલ વગેરે પ્રાધ્યાપકો કાર્યરત છે. ગુજરાતીની ૨૦૧૯–૨૦ ની વિષયગત પ્રવૃતિઓ નીચે મૂજબ છે.

### ઉમાશંકર જોશી જન્મજયંતી ઉજવાઇ

ઉમાશંકર જોશી જન્મજયંતી અંતર્ગત તા.૨૨/૭/૨૦૧૯ ના રોજ ગુજરાતી સાહિત્યના લોકપ્રિય સર્જક શ્રી મણિલાલ હ.પટેલ સર્જક ઉમાશંકર જોશીના જીવનને વણી લઈને તેમનાં કાવ્યો અને ટૂંકીવાર્તાઓ પર રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું.

### નર્મદ જન્મજયંતી ઉજવાઇ

અર્વાચીન ગુજરાતી સાહિત્યના આદ્યસર્જક એવા નર્મદની જન્મજયંતીની ઉજવણીરૂપે કૉલેજના પ્રિ.ડૉ.એન.આર.પટેલ ઉપરાંત પ્રા.ડૉ.પ્રભુદાસ પટેલ, પ્રા.આરતીબેન રાઠોડ, પ્રા.ભૂપતભાઈ પટેલ વગેરે પ્રાધ્યાપકો તથા કૃપાચૌધરી,રોઝમિન મેમણ વગેરે વિદ્યાર્થીઓએ નર્મદના સાહિત્ય વિષયક વક્તવ્યો આપ્યાં હતાં.

### માતૃભાષા દિવસની ઉજવણી

તા.૨૦/૨/૨૦૨૦ ના રોજ 'વિશ્વ માતૃભાષા દિવસ' ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજના વિદ્યાર્થી રાહુલ આર.ભરવાડ અને હર્ષિદા બી.ભૂંગળે માતૃભાષા વિષય પર પઠન કર્યું હતુ. તેમજ પ્રા. ભૂપતભાઈ ડી.પટેલે કાર્યક્રમનું સમગ્ર સંચાલન કરી માતૃભાષાની ગૌરવગાથા વ્યકત કરી હતી. ઉપરાંત પ્રા.મનુભાઈ ડી.પરમાર અને પ્રા.આરતીબને પી .રાઠોડે પણ વ્યાખ્યાન આપ્યું હતું. કોલેજના પ્રિ.ડો.એન.આર. પટેલે શુભેચ્છા પાઠવી હતી.

## (સંસ્કૃત વિભાગ)

કૉલેજમાં કોરકમ્પલસરી(સી.સી),કોર ઈલેકટીવ(સી.ઈ) ફાઉન્ડેશન ઈલેકટિવ(એફ.ઈ) અને ઈલેકટિવ ઓપન(ઈ.ઓ) તરીકે ભણાવાતા સંસ્કૃત વિષયમાં ડૉ.તુલસીદાસ પટેલ, ડૉ.મનુભાઈ પરમાર અને પ્રા.મહેન્દ્રસિંહ પરમાર વગેરે પ્રાધ્યાપકો કાર્યરત છે. સંસ્કૃતની વિષયગત પ્રવૃતિ નીચે મૂજબ છે.

### ભગવદ્ગીતાની સાંપ્રત ઉપાદેયતા પર વ્યાખ્યાન

તા.૯/૯/૨૦૧૯ ના રોજ 'સંસ્કૃત દિવસ' અંતર્ગત રાષ્ટ્રપતિ એવોર્ડ પુરસ્કૃત અને ગુજરાત યુનિવર્સિટી, ભાષાભવનના પૂર્વ નિયામક,સંસ્કૃત સાહિત્યના મૂર્ધન્ય વિવેચક શ્રી વસંતભાઈ ભટ્ટ દ્વારા 'ભગવદ્ગીતાની સાંપ્રત ઉપાદેયતા' વિષય પર રસ–વિદ્વતાસભર વ્યાખ્યાન અપાયું હતું. વકતાશ્રીએ ભગવદ્ગીતા સાંપ્રત તનાવયુકત જીવનમાં પણ કઈ રીતે ઉપયોગી છે? – તેને કેન્દ્રમાં રાખી વિવિધ દ્દષ્ટાંતો દ્વારા વિષયની રસભર રજૂઆત કરી હતી.

## (ઇતિહાસ વિભાગ)

કૉલેજમાં કોરકમ્પલસરી (સી.સી) કોર ઈલેકટિવ(સી.ઈ) અને ઈલેકટિવ ઓપન(ઈ.ઓ) તરીકે ભણાવાતા ઈતિહાસ વિષયમાં ડૉ.જસરાજભાઈ ચૌધરી અને પ્રા.ઋષિકેશ જોશી વગેરે પ્રાધ્યાપકો કાર્યરત છે. આ વિષયની ૨૦૧૯–૨૦ ની પ્રવૃતિઓ નીચે મૂજબ છે.

### ઇતિહાસ ડે' ની ઉજવણી

તા.૯/૮/૨૦૧૯ ના રોજ 'ઈતિહાસ ડે' અંતર્ગત જાણીતા પત્રકાર શ્રી ડૉ.હરિભાઈ દેસાઈએ 'ખેડૂત આંદોલનમાં સરદાર પટેલની ભૂમિકા' તથા ડૉ.સોનલ ચૌધરીએ 'વેદકાલીન સ્ત્રીઓની નારીચેતના' વિષય પર રસપ્રેરક વ્યાખ્યાનો આપ્યાં હતાં.

## (ડિફેન્સ સ્ટડીઝ)

કૉલેજમાં કોર ઈલેકટિવ (સી.ઈ) તરીકે ભણાવાતા આ વિષયમાં ડૉ.દિવ્યાબેન એ.પટેલ કાર્યરત છે.આ વિષયની ૨૦૧૯–૨૦ ની પ્રવૃતિ નીચે મૂજબ છે.

### કારગીલ દિવસની ઉજવણી

વિષય અંતર્ગત તા.૨૬/૭/૧૯ ના રોજ કારગીલ દિવસની ઉજવણી થઈ. જેમાં કારગીલયુદ્ધમાં સૈનિકોની સાહસિકતા તથા કારગીલયુદ્ધની વિસ્તૃત માહિતી વિષયક પ્રિ.ડૉ.એન.આર.પટેલ તથા ડૉ.દિવ્યા પટેલે વ્યાખ્યાનો આપ્યાં હતાં. ઉપરાંત કારગીલ ફિલ્મનું વિડીયો વિઝયુલ તથા શૌર્યભકિતગીતોની પ્રસ્તુતિ જેવા કાર્યક્રમો યોજાયા હતા.

# કોલેજ કક્ષાની પ્રવૃતિઓ

## રાષ્ટ્રીય યુવાદિવસની ઉજવણી

તા.૧૧/૧/૨૦૨૦ ના રોજ સરકાર શ્રી ના આદેશ અંતર્ગત રાષ્ટ્રીય યુવાદિવસ નિમિત્તે વિવેકાનંદ જન્મજયંતીની ઉજવણી થઈ હતી. આ કાર્યક્રમ અંતર્ગત વિવેકાનંદના જીવન આધારિત વ્યાખ્યાનો યોજાયાં હતાં. અને શોર્ટ ફિલ્મ બતાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોલેજના પ્રા.ડો.એમ.ડી.પરમાર, પ્રા.ભૂપતભાઈ પટેલ અને પ્રા.ઋષિકેશ જોષીએ સક્રિય જવાબદારી નિભાવી હતી.

## ફીટ ઇન્ડિયા મૂવમેન્ટ

ભારત સરકારના આદેશાનુસાર તા.૨૯/૮/૧૯ ના રોજ ફીટઈન્ડિયા અંતર્ગત કોલેજના પ્રિ.ડો.એન.આર.પટેલે 'જીવનમાં ફીટનેશનું મહત્વ' વિષય પર મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. ઉપરાંત વિદ્યાર્થીઓ માટે સામૂહિક વોકિંગ, ખો–ખો,કબડ્ડી જેવી પ્રવૃતિઓ થઈ હતી. આ કાર્યક્રમમાં સ્પોર્ટ્સના ડો.જી.એ.દેસાઈ તથા એન.સી.સી ના એ.એન.ઓ ડો.દિવ્યાબને પટેલ અને પ્રા.ભૂપતભાઈ પટેલની સક્રિય કામગીરી રહી હતી.

## દાતાશ્રીની પુણ્યતિથિ નિમિત્તે રમતોત્સવ

તા.૩૧–૧–૨૦૨૦ ના રોજ કોલેજ ભવનના દાતા શેઠ શ્રી ભુરાલાલ છગનલાલ શાહની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાસુમન અર્પવાનો તથા રમતોત્સવનો કાર્યક્રમ થઈ ગયો. આ કાર્યક્રમમાં દાતા પરિવારના શેઠ શ્રી શિશિર શાહ,સમીર શાહ, કોલેજ ટ્રસ્ટીમંડળના પ્રમુખ શ્રી તખતસિંહ હડિયોલની ઉપસ્થિતિમાં શ્રધ્ધાસુમન અર્પવામાં આવ્યા હતા તથા સ્પોર્ટ્સ વિભાગ દ્વારા ભાઈઓ–બહેનો માટે ખો–ખો, ખેલ–કૂદ, રસ્સાખેંચ,કોથળાદોડ, લીંબુ–ચમચી જેવી વિવિધ સ્પર્ધાઓમાં ૧૦૨ રમતવીરોએ ભાગ લીધો હતો.જેમાં સ્ટેજ લેવલે ડો.એમ.ડી.પરમાર, પ્રા.ઋષિકેશ જોશી તથા મેદાન લેવલે ડો.જસરાજ ચૌધરી , ડો.ટી.ડી.પટેલ, એમ.સી.રહેવર તથા પ્રા.દિવ્યાબેન પટેલે સક્રિય કામગીરી બજાવી હતી.

## જિલ્લા કક્ષાનો રોજગાર તથા એપ્રેન્ટિશ ભરતી મેળો યોજાયો

તા.૨૭/૯/૨૦૧૯ ના રોજ શ્રમ અને રોજગાર (ગુ.રા.), રોજગાર અને તાલીમ નિયામક શ્રીની કચેરી (ગાંધીનગર, જિલ્લારોજગાર કચેરી, હિંમતનગર, નગર રોજગાર

કચેરી,ખેડબ્રહ્મા,આઈ.ટી.આઈ, હિંમતનગર તથા બી.સી.શાહ આર્ટ્સ કોલેજ,વડાલી પ્લેસમેન્ટ સેલના સંયુકત ઉપક્રમે જિલ્લાકક્ષાના ભરતીમેળાનું આયોજન થયું હતું. આ કાર્યક્રમના અઘ્યક્ષ તરીકે ઉપસ્થિત સાબરકાંઠા જિલ્લાના લોકપ્રિય સાંસદ માનનીય શ્રી દિપસિંહ રાઠોડ તથા વડાલી ટ્રસ્ટીમંડળના પ્રમુખ શ્રી તખતસિંહ હડિયોલે પ્રેરક વ્યાખ્યાનો આપ્યાં હતાં. તથા ઉપસ્થિત જિલ્લા કલેકટર શ્રી તેમજ અન્ય અધિકારીઓએ સરસ માર્ગદર્શન આપ્યું હતું. સભાસંચાલન ડો.પ્રભુદાસ પટેલે કર્યું હતું. વળી જુદી જુદી એજન્સીઓએ યોજેલા પ્લેસમેન્ટમાં ૫૦૦ થી વધું રોજગાર વાંચ્છુઓએ ભાગ લીધો હતો.

## મેઘાપ્લેશમેન્ટ હિંમતનગર કેમ્પમાં ભાગ લીધો

શિક્ષણ વિભાગ,ગાંધીનગર દ્વારા આયોજિત ૧૪ ફેબ્રુઆરીએ સરકારી પોલીટેકનિક કોલેજ,હિંમતનગર મૂકામે યોજાયેલા મેઘા પ્લેસમેન્ટમાં કોલેજના ૨૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.જેનું પ્રતિનિધિત્વ ડો.જસરાજ ચૌધરી તથા પ્રા.ભૂપતભાઈ પટેલે કર્યું હતું.

## વિશ્વયોગ દિવસની ઉજવણી

તા.૨૧–૬–૨૦૧૯ ના રોજ વિશ્વયોગદિવસની ઉજવણીના ભાગરૂપે કોલેજના તમામ સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ વિવિધ યોગાસનો કર્યા હતા. જેમાં તજજ્ઞ તરીકે ડૉ.ટી.ડી.પટેલ તથા ડો.દિવ્યા પટેલે સેવા આપી હતી.

## કારગીલ વિજય દિવસની ઉજવણી

તા.૨૬/૭/૨૦૧૯ ના રોજ કોલેજના એન.સી.સી વિભાગ અને ડિફેન્સ સ્ટડીઝ વિષયના ઉપક્રમે કારગીલ વિજય દિવસની ઉજવણી થઈ હતી. જેમાં પ્રિ.ડૉ.એન.આર.પટેલ અને ડૉ.દિવ્યા પટેલે પ્રાસંગિક વકતવ્યો આપ્યાં હતાં.તેમજ પ્રા.ઋષિકેશ જોષીએ કારગીલ યુદ્ધ વિષયક દશ્ય–શ્રાવ્ય ફિલ્મ બતાવી હતી. તથા વિદ્યાર્થીઓએ દેશભકિતગીતો રજૂ કર્યા હતાં.

## સુભાષચંદ્રબોઝ જન્મજયંતી ઉજવાઇ

૨૩/૧/૨૦૨૦ ના રોજ ભારત સરકાર આયોજિત સુભાષચંદ્ર બોઝની જન્મજયંતી નિમિત્તે પ્રિ.ડૉ.એન.આર.પટેલ તથા ડૉ.જસરાજ ચૌધરીએ મનનીય વ્યાખ્યાનો આપ્યા હતાં. તથા પ્રા.ઋષિકેશ આર.જોષીએ સુભાષ બાબુના જીવન વિષયક શોર્ટ–ફિલ્મ દર્શાવી હતી.

## હાર્ટફૂલનેસ અંતર્ગત ધ્યાનશિબિરનું આયોજન

હાર્ટફૂલનેસ ઈન્સ્ટિટયૂટ, હૈદરાબાદના ઉપક્રમે તા.૨૬/૧૨/૨૦૧૯ ના રોજ કોલેજમાં ઘ્યાનયોગ માટે કેન્દ્ર પ્રસ્થાપિત થયું. જેમાં કાર્યક્રમ સંચાલક જિગ્નેશ અખાણી, રવિન્દ્રભાઈ સુથાર, ગુણવંતબારોટ, કમલેશ ચૌહાણ, જિજ્ઞાશા પટેલ જેવા તજજ્ઞો દ્વારા ઘ્યાનનું મહત્વ

સમજાવતાં વ્યાખ્યાનો તથા પ્રેકટિકલ થયાં હતા. આ કાર્યક્રમ તા.૨૬–૨૭–૨૮ ડિસેમ્બરે નિયમિતપણે થયો હતો. ઉપરાંત દરેક શુક્રવારે ઘ્યાનયોગની નિયમિત પ્રવૃતિ ચાલે છે.

## બેંકિંગ વ્યવહારલક્ષી વ્યાખ્યાન

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા–વડાલી દ્વારા બેંકિંગ વ્યવહાર વિશે વડાલી એસ.બી.આઈ શાખાના બ્રાંચ મેનેજર શ્રી એ કોલેજના વિદ્યાર્થીઓને બેક વ્યવહારુ તેમજ વિવિધ ખાતાકીય વ્યવહારોથી માહિતગાર કર્યા હતાં.

# રાષ્ટ્રીય પ્રવૃતિઓ [NSS]

## એન.એસ.એસ.ઓરિએન્ટેશન

તા.૨૯/૭/૧૯ ના રોજ યોજાયેલા આ કાર્યક્રમમાં પોગ્રામ ઓફિસર આરતી રાઠોડે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા એન.એસ.એસ નો લોગો,ઘ્યેયો, હેતુઓના પરિચય ઉપરાંત ભૂતકાળની વિવિધ પ્રવૃતિઓની  વિડિયોકલિપ બતાવી હતી. તથા વિવિધ વ્યાખ્યાનો દ્વારા એન.એસ.એસ નું મહત્વ દર્શાવ્યું હતું. કાર્યક્રમને અંતે બેસ્ટ સ્વયંસેવકોને ઈનામ વિતરણ થયા હતાં.

## સ્વચ્છતા અભિયાન પખવાડિયું

તા.૧/૮/૧૯ થી ૧૫/૮/૧૯ સુધી સ્વચ્છતા અભિયાન પખવાડિયાની ઉજવણી થઈ હતી. આ કાર્યક્રમ અંતર્ગત દત્તકગામ જેતપુરમાં સ્વચ્છતા અભિયાન ગ્રામરેલી, વૃક્ષારોપણ, શેરીનાટક અને સમૂહભોજન જેવા કાર્યક્રમો થયા હતાં.ઉપરાંત વડાલી નગરમાં બસ સ્ટેશન, તાલુકા પંચાયત જેવાં જાહેર સ્થળોએ સફાઈ તથા પોષ્ટરો ચોંટાડયાં હતાં.અંતે સૌ સ્વયંસેવકોએ સ્વચ્છતા અંગે શપથ ગ્રહણ કર્યા હતાં.

## થેલેસેમિયા ટેસ્ટ

તા.૧૭/૯/૧૯ ના રોજ થેલેસેમિયા ટેસ્ટનું આયોજન થયું હતું. જેમાં બી.એ–સેમ –૧ ના વિદ્યાર્થીઓ સમક્ષ થેલેસેમિયા વિશે વિસ્તૃત માહિતી આપ્યા પછી થેલેસેમિયા ટેસ્ટનું આયોજન થયું હતું. અને ટૂંકી ફિલ્મ પણ બતાવવામાં આવી હતી.

## એન.એસ.એસ ડે' ઉજવણી

તા.૨૪/૯/૧૯ એન.એસ.એસ ડે ઉજવણી અંતર્ગત ગુજરાત રાજય બેસ્ટ સ્વયંસેવક શ્રી હરચંદભાઈ ચૌહાણે ઉપસ્થિત રહી પોતાના અનુભવો જણાવી બેસ્ટ સ્વયંસેવક થવા માટે પ્રેરણાદાયી વકતવ્ય આપ્યું હતું. ડે ઉજવણી નિમિત્તે ચિત્ર–નિબંધ વકતૃત્વ તેમજ ગીતગાન જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી.

## ભારતીય સંસ્કૃતિ જ્ઞાનપરીક્ષા

અરવલ્લી જિલ્લા ગાયત્રી પરિવાર તથા કૉલેજ એન.એસ.એસના સંયુકત ઉપક્રમે તા.૨૧/૯/૧૯ ના રોજ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા યોજાઈ હતી, જેમાં ભલાભાઈ રબારી, રોઝમિન મેમણ અને અનિલકુમાર ગઢવી તથા જીગર ચૌહાણે ૧ થી ૩ સ્થાન પ્રાપ્ત કરી જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા હતાં.

## એઇડ્સ જાગૃતિ

એન.એસ.એસ વિભાગ તેમજ નરોત્તમ લાલભાઈ રૂરલ ડેવલોપમેન્ટ ફંડ,ઈડરના સંયુકત ઉપક્રમે પોગ્રામ ઓફિ.પ્રા.આરતીબેન રાઠોડના માર્ગદર્શન હેઠળ તા.૫/૧૨/૨૦૧૯ ના રોજ એઈડ્સ અવેરનેસ કાર્યક્રમ યોજાઈ ગયો.નરોત્તમ લાલભાઈ રૂરલ ડેવલોપમેન્ટ ફંડ,ઈડરમાંથી આવેલ એઈડ્સ અવેરનેસ પ્રોજેકટ મનેજર મહેન્દ્રભાઈ વણકર તથા કાઉન્સીલર શંકરભાઈ વણકરે વિસ્તૃત માહિતી આપી હતી.

## ડો.બાબા સાહેબ આંબેડકર પુણ્યતિથિ ઉજવાઇ

બંધારણના ઘડવૈયા એવા પૂ.ડૉ.બી.આર.આંબેડકરની પૂણ્યતિથિ નિમિત્તે સેન્ટઝેવિયર્સ કૉલેજના પ્રા.ડૉ.ઈશ્વરભાઈ મહેરાએ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહીને 'સ્ત્રીમૂકિતદાતા ડૉ.આંબેડકર' વિષય પર મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. વળી પ્રા.ડૉ.મનુભાઈ પરમારે ડૉ.બાબા સાહેબના સમાજ ઉત્કર્ષમાં યોગદાન વિશે વ્યાખ્યાન આપ્યું હતું.સભાસંચાલન પ્રા.આરતીબેન રાઠોડે કર્યુ હતું.

## થેલેસેમિયા કાઉન્સિલિંગ કાર્યક્રમ (તા.૧૬/૧૨/૧૯)

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી,અમદાવાદના સંયુકત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં થેલેસેમિયા માઈનર વિદ્યાર્થીઓનું પોષ્ટ કાઉન્સિલીગ થયું હતું.જેમાં પ્રા.મનુભાઈ પરમાર તથા રેડ્ક્રોસ,અમદાવાદથી ઉપસ્થિત જયંતિભાઈ વાળંદ દ્વારા સરસ કાઉન્સિલિંગ થયું હતું.

## ફીટ ઇન્ડિયા સાયકલ રેલી

તા.૧૮/૧/૨૦ ના રોજ યોજાયેલા આ કાર્યક્રમમાં એન.એસ.એસ સ્વયંસેવિકાઓ દ્વારા સાયકલ રેલી યજાઈ હતી.

## રાષ્ટ્રીય મતદાતા ઉજવણી

તા.૨/૧૨/૨૦૧૯ અને તા.૨૫/૧/૨૦૨૦ ના રોજ 'મતદાન જાગૃતિ' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઈડર પ્રાંત કચેરીના પ્રતિનિધિ શ્રી વિશાલભાઈ પંચાલ, વડાલી તાલુકા પંચાયતના ના.મામલતદાર શ્રી એન.ડી.પટેલ હાજર રહી મતદાન અંગે વ્યાખ્યાન આપ્યું હતુ.

## સ્વચ્છતા પખવાડિયું

ભારત સરકાર દ્વારા યોજિત સ્વચ્છતા પખવાડિયું અંતર્ગત તા.૧૬/૧/૨૦૨૦ થી તા. ૩૧/૧/૨૦ દરમ્યાન સ્વચ્છતા પ્રતિજ્ઞાવાંચન, કૉલેજ કેમ્પસ સફાઈ,નિબંધ વકતૃત્વ વેસ્ટમાંથી બેસ્ટ–ચિત્ર જેવી વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેના અંતે વિવિધ સ્પર્ધાઓમાં ૧થી ૩ માં સ્થાન પ્રાપ્ત વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ થયાં હતાં.

# રાષ્ટ્રીય કેડેટ કોર [NCC]

*એસ.ડી. (એ.એન.ઓ)–લેફ્ટનન્ટ ભૂપતભાઈ ડી. પટેલ*

*એસ.ડબલ્યૂ . (એ.એન.ઓ)– લેફ્ટનન્ટ દિવ્યાબેન એ. પટેલ*

## TSC CAMP- રાષ્ટ્રીય લેવલે ગુજરાતનું પ્રતિનિધિત્વ (દિલ્હી)

તા.૧૬/૯/૨૦૧૯ થી ૨૭/૯/૨૦૧૯ દરમ્યાન દિલ્હી ખાતે યોજાયેલા 'ઓલ ઈન્ડિયા થલસૈનિક કેમ્પ' નું ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવાની અમૂલ્ય તક ૩૪–બટાલિયન–હિંમતનગર અને વડાલી કોલેજના એસ.ડબલ્યૂ–એ.એન.ઓ. દિવ્યાબેન પટેલને પ્રાપ્ત થઈ. ગુજરાતના ૪૦ એસ.ડબલ્યૂ અને૪૯ એસ.ડી કેડેટ્સ સાથે ગયેલી આ ટીમે સરસ પ્રવૃતિઓ કરી.અને એ.એન.ઓ ની શ્રેષ્ઠ કામગીરી બદલ ડો.દિવ્યાબેન પટેલે 'ડી જી એન.સી.સી કોમોન્ડેશનકાર્ડ

એવોર્ડ' પ્રાપ્ત કરી કોલેજ અને ૩૪ બટાલિયનનું જ નહી પરંતુ સમગ્ર ગુજરાતનું ગૌરવ વધાર્યુ હતું.

## NIC એન.સી.સી કેમ્પનું પ્રતિનિધિત્વ

### માંડવી(કચ્છ ભુજ)

તા.૨૦ થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૦ દરમ્યાન માંડવી(કચ્છ ભુજ) મૂકામે યોજાયેલા એન.આઈ.સી કેમ્પમાં સમગ્ર આણંદ વી.વી.નગર એન.સી.સી ગ્રુપના ૧૩૫ એન.સી.સી કેડેટ્સનું પ્રતિનિધિત્વ કરવાની બહુમૂલ્ય તક ૩૪ બટાલિયન હિંમતનગર તથા આર્ટ્સ કોલેજ વડાલીના એ.એન.ઓ લેફટનન્ટ ભૂપતભાઈ ડી.પટેલને મળી હતી.જેમાં સક્રિય ભૂમિકા અદા કરી કેમ્પમાં સફળતા અને ઉત્સાહ પૂર્વકની કામગીરી નિભાવી હતી.

## ચિત્રસ્પર્ધા

એન.સી.સી ના ઉપક્રમે તા.૫/૭/૧૯ ના રોજ પર્યાવરણ સમસ્યા અંતર્ગત ચિત્રસ્પર્ધા યોજાઈ હતી.જેમાં કોલેજ એન.સી.સી ના ૭૮ કેડેટ્સે ભાગ લીધો હતો.

## લશ્કરી ભરતીમેળાની જાણકારી

એન.સી.સી ના કેડેટ્સ લશ્કરી ભરતીમેળાનો લાભ લઈ,યોગ્ય રોજગારી પામી શકે એ હેતુથી તા.૨૫–૭–૧૯ ના રોજ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જિલ્લા રોજગાર કચેરીના પ્રતિનિધિ શ્રી વિપૂલભાઈ પટેલે સરસ માર્ગદર્શન પૂરું પાડયું હતું.

## વૃક્ષારોપણ કાર્યક્રમ

તા.૬/૮/૧૯ ના રોજ એન.સી.સી દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન થયેલું જેમાં કેળવણી મંડળના પ્રમુખ શ્રી તખતસિંહ હડિયોલ,પ્રિ.ડૉ.એન.આર.પટેલની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ થયું હતું.તથા 'વૃક્ષ બચાવો' –વિષયવસ્તુ પર સાંસ્કૃતિક કાર્યક્રમો થયા હતાં.

## CATC એન.સી.સી કેમ્પ (થામણા)

તા. ૧૩ ઓગષ્ટ થી ૨૨ ઓગષ્ટ દરમ્યાન થામણા મૂકામે યોજાયેલા સી.એ.ટી.સી કેમ્પમાં લેફટનન્ટ.દિવ્યાબેન પટેલના પ્રતિનિધિત્વમાં કોલેજના ૧૦ એસ.ડબલ્યૂ અને ૮ એસ.ડી કેડેટ્સે ભાગ લીધો હતો. જેમાં ૧૦ કેડેટ્સે ઈન્ટર બટાલિયન સ્પર્ધા માટે પસંદ થઈ

કોલેજ યુનિટનું ગૌરવ વધાર્યું હતું. તેમજ તા.૫/૯/૧૯ થી ૧૪/૯/૧૯ દરમ્યાન થામણા મૂકામે યોજાયેલા સી.એ.ટી.સી.એન.સી.સી કેમ્પમાં એસ.ડબલ્યૂ ના ૧૦ કેડેટ્સે ભાગ લીધો હતો.

## પ્રિ.આર.ડી.સી. કેમ્પ (થામણા)

તા.૧૫/૯/૧૯ થી ૨૪/૯/૧૯ દરમ્યાન થામણા મૂકામે યોજાયેલા પ્રિ.આર.ડી.સી કેમ્પમાં ૮ એસ.ડબલ્યૂ કેડેટ્સે ભાગ લઈ ૨ એસ.ડબલ્યૂ કેડેટ્સે પ્રિ.આર.ડી.સી.–૨ માં પસંદ થઈ કોલેજ યુનિટનું ગૌરવ વધાર્યુ હતું.

## CATC એન.સી.સી કેમ્પ (રાજેન્દ્રનગર)

તા.૧/૨/૧૯ થી ૧૦/૧૨/૧૯ દરમ્યાન રાજેન્દ્રનગરમાં યોજાયેલા સી.એ.ટી.સી.એન.સી.સી કેમ્પમાં કોલેજના એસ.ડબલ્યૂ ના ૧૪ કેડેટ્સે ભાગ લીધો હતો.તેમજ એસ.ડી. ના ૧૫ જેટલા કેડેટ્સે ભાગ લીધો હતો .

## IGC-એન.સી.સી કેમ્પ (અમદાવાદ)

કોલેજના એન.સી.સી કેડેટ્સ ભાભી જયદીત કુમાર પરેશભાઈ એન.સી.સી ના પ્રિ.આર.ડી.સી. કેમ્પોમાં સફળ રહી અમદાવાદ મૂકામે યોજાયેલ આઈ.જી.સી કેમ્પમાં ભાગ લઈ કોલેજનું ગૌરવ વધાર્યુ હતું.

## સ્વચ્છતા અભિયાન

તા.૧૨/૧૨/૧૯ ના રોજ કોલેજ કક્ષાએ સ્વચ્છતા અભિયાનનો કાર્યક્રમ યોજાઈ ગયો.જેમાં એન.સી.સી ના ૪૨ કેડેટ્સે ભાગ લીધો હતો.

## ગીત સ્પર્ધા

તા.૧૯/૧૨/૧૯ ના રોજ યોજાયેલી ગીત સ્પર્ધામાં ૮ કેડેટ્સે ભાગ લીધો હતો. જેમાં પાયલ કોટડે પ્રથમ,હર્ષિદા ભૂંગળ દ્વિતીય અને સપના સગર અને રાજેન્દ્ર ખાંટે તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

## રાષ્ટ્રીય ગ્રાહક અધિકારી દિવસ અંતર્ગત રેલીનું આયોજન

તા.૨૪/૧૨/૧૯ ના રોજ પરખ સંસ્થાન,હિંમતનગરના ઉપક્રમે રાષ્ટ્રીય ગ્રાહક અધિકારી દિવસ ઉજવાયો હતો.જેમાં એન.સી.સી એ.એન.ઓ પ્રા.ભૂપતભાઈ ડી.પટેલ તેમજ પ્રા.દિવ્યાબેન પટેલે રેલીનું સફળ આયોજન કર્યુ હતું.

## પ્રજાસત્તાકદિનની ઉજવણી

તા.૨૬/૦૧/૨૦૨૦ ના રોજ કોલેજમાં પ્રજાસત્તાકદિનની ઉજવણી કરવામાં આવેલ હતી.જેમાં એન.સી.સી. ના કેડેટ્સે પરેડ પ્રદર્શન કરી કાર્યક્રમને બહુમાન આપ્યું હતું. જે બદલ વડાલી કેળવણી મંડળના પ્રમુખ શ્રી તખતસિંહ હડિયોલ સાહેબે શુભેચ્છા પાઠવી હતી.

## સ્પોર્ટ્સ વિભાગ (ડો.જી.એ.દેસાઈ)

કોલેજમાં સ્પોર્ટ્સના પ્રાધ્યાપક તરીકે ડો.જી.એ.દેસાઈ કાર્યરત છે. સ્પોર્ટ્સ વિભાગનો ૨૦૧૯–૨૦ નો અહેવાલ નીચે મૂજબ છે.

## યુનિવર્સિટીની સ્પર્ધાઓમાં કોલેજનું પ્રતિનિધિત્વ

